# રાજેશ ખન્ના: એક સુપરસ્ટારનો જાદુઈ ચાર્મ અને એમની ગૂંજતી એકલતા



સંગત સિતારોં કી

★ સંજય છેલ

૧૯૯૬-૯૭ની વરસાદી સાંજ. સ્થળ: મુંબઈમાં લિંકિંગ રોડ પર આવેલી 'આશીર્વાદ પિક્ચર્સ'ની ખાલી ઓફિસ. દીવાલ પર રાજેશ ખન્નાના ખિલખિલાતા ફોટામાંનું સ્મિત અને આંખોની ચમક જોઈ મારાથી બોલાઈ ગયું, "વાઉ! ક્યા તસ્વીર હૈ!"

ત્યારે બારી પાસે ઊંધા ફરીને ઊભેલાએ કહ્યું, "ક્યૂટ હૈ ના? કભી મુઝે ભી યે બંદા અચ્છા લગતા થા!" એ હતા રાજેશ ખન્ના ઉર્ફે કાકાજી ખુદ! સફેદ દૂધમલ કુર્તો, હાથમાં સિગરેટ, જોતાંવેંત એક સ્મિતથી કાયમ માટે નજરકેદ બનાવી દે એવી મારકણી મસ્તી, મદ્ધમ સ્વરમાં વાતો, વાતોમાં ઉષ્મા, સંજયમાંથી 'સંજુ' કહી દેવાની આત્મીય અદા. આંખોનું સંમોહન જ કહી દે કે 'જતીન ખન્ના'ને સુપરસ્ટાર 'રાજેશ ખન્ના' બનાવનારી જાદુઈ ફોર્મ્યુલા હતી - 'ચુંબકીય ચાર્મ!' ત્યારે મારી સિરિયલ 'ફિલ્મી ચક્કર'માં મેં કાકાજીની 'આનંદ' ફિલ્મની કોમેડી-પેરોડી બનાવેલી. એ જોઈને કાકાજીએ મને બોલાવ્યો. હોઠ ધ્રુજાવી, આંખ નમાવીને કહ્યું, "પોલિટિક્સ મેં તો યુંહી ખીંચે ગયે, વર્ના ૩૦-૩૫ સાલોં સે સિર્ફ સિનેમા હી કિયા હૈ, આગે ભી કરના હૈ. તુમ મેરે સાથ ફિલ્મ બનાઓ. પ્રોડ્યૂસર મૈં દૂંગા. કાકા કા વાદા હૈ."

હું અવાક્! ૬૦ વર્ષના સુપરસ્ટારને શું કહું?

ત્યારે મારી 'ખૂબસૂરત' ફિલ્મ સંજય દત્ત સાથે શરૂ થવાની હતી, એટલે 'ઝરૂર સોચતે હૈં' કહી એમને ભેટ્યો. અઠવાડિયા પછી કાકાજીનો ફરી ફોન આવ્યો, "સંજુ, ફિલ્મે-શિલ્મે તો હોતી રહેગી. એકાદ શામ મિલને તો આઓ. સાથ મેં ખાયેંગે-પીયેંગે. ટ્રસ્ટ મી, મજેદાર આદમી હું!" હું ફરી અવાક્... જેના ઘરે રોજ રાત્રે ૧૫-૨૦ નિર્દેશકોની અને ૩૦-૪૦ કલાકારોની ભીડ લાગતી, લાખો છોકરીઓ જેમની ઝલક લેવા વ્રત-એકટાણા કરતી, લોહીથી પ્રેમપત્રો લખતી... એ સુપરસ્ટારની આવી એકલતા? મેં અનેક સુપરસ્ટાર્સ સાથે સમય ગાળ્યો, પણ દરેક સ્ટારમાં એક વેપારી ઘૂસી જાય છે, જ્યારે રાજેશ ખન્ના છેલ્લે સુધી મૂર્ખતા-ભાવુકતાની હદ સુધી કવિહૃદય જીવ રહ્યા અને પીડાયા. ૨૦૦૨માં મેં તુષાર કપૂર અને એશા દેઓલની 'ક્યા દિલને કહા?' ફિલ્મ બનાવેલી, જેનું 'નિકમ્મા કિયા ઈસ દિલ ને' ગીત લોકપ્રિય થયેલું. મા-બાપના ઝગડાના કારણે હીરોને લગ્નપ્રથામાંથી વિશ્વાસ ઊઠી જાય છે એવી વાર્તા. બજેટ ખાસ નહોતું, એટલે મેં બાપના રોલ માટે કાકાજીને ડરીને ફોન કર્યો. ત્યારે મીઠડા અવાજમાં બોલ્યા, "સંજુ, તુઝે કભી મૈં મના કર સકતા હું? અરે, પૈસે તો આતે-જાતે હૈં... શામ કો સેલિબ્રેટ કરતે હૈં." ફિલ્મનું શૂટિંગ નજીક આવતાં કપડાં, જૂતા વગેરે માટે કાકાજી વારંવાર ઉત્સાહથી ફોન કરે. મને અકળામણ થતી. એમાં એક વખત શૂટિંગના આગલા દિવસે હદ થઈ ગઈ. સવારથી એમના સતત ફોન પર ફોન કે કાલથી શૂટિંગ પાક્કું છે? હું 'હા' કહું, પછી ૩-૪ કલાકે ફરી કહે, "હૈદરાબાદની ટિકિટ આવી નથી!" હું સમજાવું કે ટિકિટ પહોંચી જશે. રાત્રે પાછો ફોન, "મારો રોલ પાક્કો છે ને?" મેં સહેજ કંટાળીને કહ્યું, "પ્લીઝ સર, તમારી ટિકિટ મારી પાસે છે. રિલેક્સ." ત્યારે કાકાજીએ નજાકતથી હ્યું, "નારાજ મત હો સંજુ. દેખ લેના, બિઝનેસ ક્લાસ કી ટિકિટ હૈ ના? આજકલ કે નયે લોગોં કો પતા નહીં હોતા કિ મૈં ક્યા થા, કૌન થા... ઈસલિયે જરા..."

હું ફરી અવાક્. સતત ૨૦ સુપરહિટ ફિલ્મો આપનાર સુપરસ્ટાર, જે ચાર્ટર્ડ પ્લેનમાં ઉડતો, બેંગલુરુમાં સરકારી લોટરીના ઉદ્ઘાટનમાં ખુદ ગવર્નર જેને બોલાવતા, જેની દિનચર્યા પર બી.બી.સી.વાળાએ સ્પેશિયલ ડોક્યુમેન્ટરી બનાવેલી, એ આજે આવું પૂછે છે? ગ્લેમરની ખોખલી દુનિયાએ એક થપ્પડની જેમ મને હલાવી દીધો.

મેં ધરપત આપી તો ફરી એમની અદામાં બોલ્યા, "વો સબ છોડ, કલ સેટ પર વહી કેમેરા કી ઘર્રર્ર... ઘર્રર્ર... આવાઝેં, વો લાઈટેં... ઉસ કા મજા હી કુછ ઔર હૈ ના?"

હૈદરાબાદની તાજ-બંજારા હોટલના મહારાજા રૂમમાં મને અને ટીમને રોજ રાત્રે વેજ-નોનવેજની ૧૫થી ૨૦ વાનગીઓ, ૪-૫ પ્રકારની શરાબ, ૩-૪ મીઠાઈઓ અને ૨-૩ જાતનાં પાન પીરસીને પોતાના પૈસે પાર્ટી આપે. જાણે ફરીથી રાજાનો રાજ્યાભિષેક થવાની મહેફિલ! દિવસે ભજવેલા દૃશ્યો રાત્રે ફરીથી ભજવે. ત્યારે સમજાય કે રાજેશ ખન્નાને શરાબનો નહીં, પણ અભિનયનો અને દર્શકોનો નશો હતો. બીજા ફિલ્મી કલાકારોની જેમ ક્યારેય કોઈ વિશે હલકી વાત કે ગોસિપ નહીં. સ્ટાર્ચ કરેલા સફેદ કુર્તામાં સજ્જ કાકામાં શુદ્ધ શાલીનતા ઝળકે. એક જમાનામાં કાકાજીના 'આશિર્વાદ' બંગલે રોજ નિર્માતા-નિર્દેશકોની પાર્ટીઓ થતી. ત્યારે કાકાજી ડ્રાઈવરો માટે ખાસ અલગ બફે રાખતા. રાજેશ ખન્નાએ એકવાર મને કહેલું, "શું છે કે નિર્માતાઓ-

**લાખો છોકરીઓ જેમની ઝલક લેવા વ્રત-એકટાણા કરતી, લોહીથી પ્રેમપત્રો લખતી... એ સુપરસ્ટારની આવી એકલતા?**

મહેમાનો તો ખાઈ-પીને ગમે ત્યારે નીકળી જાય, પણ મોડી રાત્રે બિચારા ડ્રાઈવરો ક્યાં જમે? સબ સે પહેલે ઉન લોગોં કે લિયે હમને એક 'દસ્તરખ્વાન' બનાયા થા."

મેં ઘણાં સ્ટાર્સની પાર્ટીઓ જોઈ, પણ નીચલા તબક્કાનાં લોકો માટે આવી લાગણી ફક્ત કાકાજી જેવા બાદશાહના દિલમાં જ દેખાણી. એ જ 'આશિર્વાદ' બંગલા વિશે અફવા ઉડેલી કે બંગલો વેચવાનો છે. સલમાન ખાનના ભાઈ સોહેલે એમને ફોન કર્યો ત્યારે કાકાજીએ એ જ ખુદ્દારીથી કહ્યું, "કભી રાજા અપના મહેલ બેચ સકતા હૈ? કભી કોયલ અપની કૂક બેચ સકતી હૈ? તો ફિર કાકા અપના બંગલા ક્યું બેચે?" 'ક્યા દિલને કહા' ફિલ્મના શૂટિંગમાં મારી કપરી કસોટી થયેલી. એક નાટ્યાત્મક દૃશ્યમાં બાપ-દીકરા વચ્ચે ભરી પાર્ટીમાં બોલાચાલી દરમિયાન દીકરો - તુષાર - ખન્નાને પૂછે છે, "આપને ઝિંદગી મેં ક્યા પાયા?" બાપ - ખન્ના - કહે છે, મને એ જરા મેલોડ્રામેટિક લાગ્યું. મેં એમને સમજાવ્યું, "સર... આપ પર ઝૂમ કરના જ્યાદા હી ફિલ્મી હો જાયેગા."

એ રાત્રે કાકાજીએ રૂમ પર બોલાવીને ભાવુક અવાજમાં મને કહ્યું, "પગલે, મેરા એક ક્લોઝઅપ લે હી લેતે? બાદ મેં એડિટિંગ મેં કાટ દેતા... કમ સે કમ આજ કે દિન તો મુઝે પલ-દો પલ કી ખુશી મિલતી!" એ ઉદાસ શબ્દો હજારો ખંજર બનીને મારા દિલમાં આજ સુધી ખૂંપેલા છે.

જે સુપરસ્ટારની સફેદ કાર પર છોકરીઓ કિસ કરીને લિપસ્ટિકનાં નિશાનોથી લાલ કરી દેતી, જેના ફોટાં પર બરફ ચોપડીને કાકાના ચાહકો એમનો તાવ ઉતારવા દુઆ માગતા, જેની એક ઝલક માટે આખું હિંદુસ્તાન તરસતું - ભારતનો પહેલો સુપરસ્ટાર - એ એક ક્લોઝઅપ માટે સમજાવી રહ્યો હતો?

મારી એ ભૂલ તો હું હવે નહીં સુધારી શકું, કારણ કે કાકાજી હવે નથી. ૧૮ જુલાઈએ રાજેશ ખન્નાની પુણ્યતિથિ હતી. 'આનંદ કભી મરતે નહીં'ની જેમ - 'સુપરસ્ટાર કભી મરતે નહીં.'

# સતલુજ, સિનેમા, સેન્સરશિપ અને સવાલો!

લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

ભારતીય સિનેમા હંમેશા સમાજનો દર્પણ રહ્યો છે. રાજકીય ઘટનાઓ, સામાજિક ક્રાંતિ કે પ્રાદેશિક સમસ્યાઓને જ્યારે પણ મોટા પડદે કે ડિજિટલ સ્પેસમાં રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે, ત્યારે તે વિવાદોના વંટોળમાં ઘેરાઈ જાય છે. તાજેતરમાં પંજાબી સિનેમાની એક અત્યંત ચર્ચિત અને સંવેદનશીલ ફિલ્મ 'સતલુજ'ને લઈને એક નવો આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય વિવાદ ઊભો થયો છે. પંજાબના પાણીના પ્રશ્નો અને ભૂતકાળના લોહિયાળ ઈતિહાસ પર આધારિત આ ફિલ્મને ભારતના અગ્રણી ઓટીટી પ્લેટફોર્મ્સ પરથી બેન કરી દેવામાં આવી છે અથવા તેને સ્ટ્રીમિંગ કરવા માટે લીલી ઝંડી આપવામાં નથી આવી રહી. આ ઘટનાએ ફરી એકવાર ભારતમાં કન્ટેન્ટ સેન્સરશિપ, રાજકીય દબાણ અને પંજાબના દાયકાઓ જૂના જળ વિવાદને દેશના ન્યૂઝ સ્પેસમાં કેન્દ્રસ્થાને લાવી દીધો છે.

પહેલા જાણીએ, શું છે ફિલ્મ 'સતલુજ' અને તેની વાર્તાની પૃષ્ઠભૂમિ?: ફિલ્મ 'સતલુજ' માત્ર એક કાલ્પનિક વાર્તા કે એન્ટરટેઈનમેન્ટ ડ્રામા નથી, પરંતુ તે ઉત્તર ભારત અને ખાસ કરીને પંજાબના અસ્તિત્વ સાથે જોડાયેલી 'સતલુજ' નદીના પાણી, ખેડૂતોના હક્કો અને પ્રાદેશિક સાર્વભૌમત્વ પર આધારિત એક અત્યંત ગંભીર સિનેમેટિક પ્રયાસ છે. પંજાબની ઓળખ તેના પાણી અને ખેતીથી છે. પરંતુ સતલુજ નદીનું પાણી અને તેની વહેંચણીનો વિવાદ પંજાબ અને હરિયાણા વચ્ચે દાયકાઓથી એક સળગતો અને સંવેદનશીલ મુદ્દો રહ્યો છે.

ફિલ્મમાં ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકામાં પંજાબમાં ઉદ્ભવેલા આતંકવાદ, રાજકીય અસ્થિરતા, ખેડૂતોના સંઘર્ષ અને જળ સંકટને વણી લેવામાં આવ્યા છે. આ ફિલ્મમાં એ બતાવવાનો પ્રયાસ કરાયો છે કે કેવી રીતે નદીઓના પાણીના રાજકારણે પંજાબના



હજારો યુવાનોના ભવિષ્ય અને ખેડૂતોની જમીનોને અસર કરી છે. થિયેટરોમાં દર્શાવવા માટે કે સેન્સર બોર્ડની પ્રક્રિયાઓ બાદ પણ જ્યારે આ ફિલ્મને ડિજિટલ પ્લેટફોર્મ્સ પર રિલીઝ કરવાનો સમય આવ્યો, ત્યારે આ પ્લેટફોર્મ્સ અને સરકારી નિર્દેશો તરફથી મોટી અડચણો ઊભી થઈ હતી.

ફિલ્મને દર્શાવવા સામે પ્રતિબંધ પાછળના મુખ્ય કારણો શું છે?: સરકાર અને સુરક્ષા એજન્સીઓનો તર્ક છે કે પંજાબના પાણી અને ૧૯૮૦ના દાયકાના ઉગ્રવાદી ઈતિહાસ પર બનેલી ફિલ્મોથી રાજ્યમાં શાંતિ અને સદ્ભાવના જોખમાઈ શકે છે. પાણીની કેનાલનો વિવાદ અત્યંત રાજકીય રીતે સંવેદનશીલ છે. ફિલ્મમાં રજૂ કરાયેલા દ્રષ્ટિકોણથી બે રાજ્યો



વચ્ચે રાજકીય અને સામાજિક તણાવ વધી શકે, તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલા નવા આઈટી રૂલ્સ અને ઓટીટી કન્ટેન્ટ ગાઈડલાઈન્સ હેઠળ આવી સંવેદનશીલ રાજકીય ફિલ્મોને ડિજિટલ પ્લેટફોર્મ પર સ્ટ્રીમ કરવા પર કડક નજર રાખવામાં આવી રહી છે.

'સતલુજ' ફિલ્મના ડાયરેક્ટર, પ્રોડ્યુસર અને પંજાબી સિનેમાના કલાકારો આ નિર્ણયથી અત્યંત નારાજ અને આક્રોશિત છે. તેમનું માનવું છે કે આ વિષય પંજાબના વાસ્તવિક દર્દને રજૂ કરે છે. ફિલ્મમેકર્સનો આક્ષેપ છે કે બંધારણની કલમ ૧૯(૧)(એ) હેઠળ તેમને પોતાની વાત રજૂ કરવાનો અધિકાર છે, પરંતુ રાજકીય દબાણ હેઠળ તેમના અવાજને દબાવવામાં આવી રહ્યો છે.

આજના જમાનામાં થિયેટર રિલીઝ કરતાં પણ ઓટીટી રિલીઝ ફિલ્મમેકર્સ માટે આવકનું મુખ્ય સાધન હોય છે. ઓટીટી પર પ્રતિબંધ મૂકવાથી આખી ફિલ્મના બજેટ અને રોકાણકારોને મોટું આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે. ફિલ્મમેકર્સનું કહેવું છે કે જ્યારે

**પંજાબી ફિલ્મ 'સતલુજ' પર ઓટીટી પ્રતિબંધ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો નવો વિવાદ શું છે?**

બોલિવૂડ કે હિન્દીમાં રાજકીય અથવા કાશ્મીર જેવા મુદ્દાઓ પર ફિલ્મો બને છે ત્યારે તેને પ્રોત્સાહન મળે છે, પરંતુ પંજાબના સાચા પ્રશ્નો પર બનેલી ફિલ્મોને 'અલગાવવાદી' કે 'વિવાદિત' કહીને રોકી દેવામાં આવે છે.

ફિલ્મ 'સતલુજ' ને સમજવા માટે પંજાબ અને હરિયાણા વચ્ચેના પાણીના ઐતિહાસિક વિવાદને સમજવો અત્યંત જરૂરી છે. ૧૯૬૬ માં જ્યારે પંજાબમાંથી હરિયાણા અલગ રાજ્ય બન્યું, ત્યારે સતલુજ, રાઈ અને બિયાસ નદીઓના પાણીની વહેંચણીનો પ્રશ્ન ઊભો થયો હતો. આ કેનાલ દ્વારા સતલુજ નદીનું પાણી હરિયાણા સુધી પહોંચાડવાનું આયોજન હતું, પરંતુ પંજાબના ખેડૂતો અને રાજકીય પક્ષોનો તર્ક છે કે પંજાબ પાસે પોતે જ પૂરતું પાણી નથી અને ભૂગર્ભ જળસ્તર ઝડપથી નીચે જઈ રહ્યું છે.

૧૯૯૦માં પાણી કેનાલના નિર્માણમાં જોડાયેલા ઈજનેરો અને મજૂરોના હત્યાકાંડ બાદ આ પ્રોજેક્ટ અટકી ગયો હતો. આજે પણ આ મુદ્દો સર્વોચ્ચ અદાલતમાં વિચારાધીન છે. આ જ સંવેદનશીલ ઈતિહાસને ફિલ્મ 'સતલુજ'માં દર્શાવવામાં આવ્યો છે, જેના કારણે સત્તાધીશો તેને જાહેર પ્લેટફોર્મ પર બતાવવાથી ડરી રહ્યા છે.

ભારતમાં ઓટીટી પ્લેટફોર્મ્સ પર કન્ટેન્ટ નિયંત્રણ માટે લાગુ કરાયેલા નવા કાયદાઓ અને 'સેલ્ફ-રેગ્યુલેટરી બોડીઝ' હવે વધુ આક્રમક બની છે. સરકારનું માનવું છે કે ઓનલાઈન સ્પેસમાં નફરત ફેલાવતા કે વિભાજનકારી કન્ટેન્ટને રોકવું રાષ્ટ્રીય એકતા માટે જરૂરી છે. કલાત્મક અભિવ્યક્તિ પર વારંવાર અંકુશ લગાવવાથી કલાકારો અને નિર્માતાઓમાં ભયનું વાતાવરણ ઊભું થાય છે, જેનાથી સ્વતંત્ર વિચારસરણી કુંઠિત થાય છે.

ફિલ્મ 'સતલુજ'નો આ વિવાદ માત્ર એક પંજાબી ફિલ્મ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે ભારતમાં સિનેમાના ભવિષ્ય અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો સંકેત છે. બેન મૂકવાને બદલે અદાલતો કે સેન્સર બોર્ડ દ્વારા વિવાદિત ભાગોમાં રચનાત્મક સુધારા સૂચવવા જોઈએ.

ભારતીય દર્શકો હવે પરિપક્વ છે. તેઓ સાચા અને ખોટા, વાસ્તવિકતા અને કાલ્પનિકતા વચ્ચેનો ભેદ પારખી શકે છે. દરેક મુદ્દા પર પ્રતિબંધ મૂકવો એ લોકશાહી દેશ માટે સારો સંકેત નથી. કલા અને સિનેમા પર રોક લગાવવાથી વાસ્તવિક સમસ્યાઓ ગાયબ થઈ જતી નથી. પંજાબ અને ઉત્તર ભારતમાં જળ સંકટનો રાજકીય અને કાયદાકીય ઉકેલ લાવવો એ સમયની માગ છે.

પંજાબી ફિલ્મ 'સતલુજ'ની આ કહાણી દર્શાવે છે કે કળા અને સત્તા વચ્ચેનો સંઘર્ષ કોઈ નવો નથી. સતલુજ નદી પંજાબની ભૂમિને ફળદ્રુપ બનાવે છે, પરંતુ તેના નામ પર બનેલી આ ફિલ્મ આજે કાનૂની અને ડિજિટલ અડચણોના ચક્રવ્યૂહમાં ફસાયેલી છે. જ્યાં સુધી દેશમાં સંવેદનશીલ મુદ્દાઓ પર ખુલ્લા મનથી ચર્ચા કરવાની અને સિનેમાને મુક્તપણે સ્વીકારવાની માનસિકતા કેળવવામાં નહીં આવે, ત્યાં સુધી 'સતલુજ' જેવા વિવાદો સામે આવતા રહેશે. કલાકારોનો અવાજ દબાવવાને બદલે તેમને પોતાની વાર્તા દેશ અને દુનિયા સમક્ષ રજૂ કરવાની તક મળવી જ જોઈએ.



# પોતાની ખીચડી - પોતાનો પીઝા

આંખની અટારી

★ હેમુ ભીખુ

પૌરાણિક ઈતિહાસ મુજબ શ્રી કૃષ્ણએ વિદુરને ત્યાં ખીચડી ખાધી હતી. આપણી સંસ્કૃતિમાં ખીચડીનું આગવું મહત્ત્વ છે. ખીચડી વિશેની એક કહેવત ઘણી અર્થપૂર્ણ છે, 'દરેક વ્યક્તિ પોતાની ખીચડી પકવે.' વાત એકદમ સાચી છે, જોકે હવે ખીચડીનું સ્થાન પિઝાએ લઈ લીધું છે. એ પણ બરાબર છે. પોતાની ખીચડી પકવવી એટલે માત્ર પોતાના સ્વાર્થ માટે કાર્ય કરવું, માત્ર પોતાનું હિત જોવું, પોતાને કેન્દ્રમાં રાખીને જ વ્યવહાર કરવો, પોતાનું ઈચ્છિત પ્રાપ્ત કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું. આ સમગ્ર પ્રક્રિયામાં સામૂહિક હિત, સામૂહિક જરૂરિયાત, સામૂહિક સિદ્ધાંત કે નૈતિકતા સાથે પણ બાંધછોડ થતી રહે.

જ્યારે વ્યક્તિ માત્ર પોતાના ફાયદા વિશે વિચારીને કાર્યરત થાય ત્યારે તે પોતાની ખીચડી પકવે છે તેમ કહેવાય. અહીં ખીચડીને રૂપક તરીકે પણ લઈ શકાય અને વાસ્તવિકતા તરીકે પણ. રૂપક તરીકે ખીચડી એટલે વ્યક્તિગત હિત, સ્વાર્થ, લાભ, પ્રાપ્તિ, પસંદ જેવી બાબતો. વાસ્તવિક ખીચડી એટલે સરળતાથી સિદ્ધ થઈ શકે તેવી ભૂખ ભાંગવાની વ્યવસ્થા. તેનાથી પોષણ પણ મળી રહે. ખીચડી ભૂખ સંતોષવા અને પોષણ મેળવવા જ પકવવામાં આવે, પરંતુ જ્યારે આ 'ભૂખ' અને 'પોષણ'નો વ્યાપ વધતો જાય ત્યારે ખીચડી વાસ્તવિકતામાંથી રૂપકમાં રૂપાંતરિત થાય.

દરેક વ્યક્તિ પોતાનું હિત જોઈ શકે, પરંતુ તેમાં વિવેક અને સંયમની આવશ્યકતા હોય. દરેક વ્યક્તિ માટે ખોરાક જરૂરી છે, પરંતુ તેમાં ખીચડી જેવી સરળતા, પૌષ્ટિકતા અને 'પાચ્યતા' જરૂરી ગણાય. દરેક વ્યક્તિ પોતાના સ્વાદ પ્રમાણે ખીચડી બનાવી શકે અથવા તેમાં જે તે તત્ત્વ ઉમેરી શકે, પરંતુ ખોરાક તરીકે તેનો જથ્થો તેટલો જ નિયંત્રિત રહેવો જોઈએ. પોતાના લક્ષ્ય માટે કાર્યરત રહેવું જરૂરી છે, પરંતુ આ લક્ષ્ય સમગ્ર સૃષ્ટિની ખીચડીને પોતાના નિયંત્રણમાં રાખવાની ચેષ્ટા ન થવી જોઈએ. સાથે સાથે બીજાની ખીચડી પણ પાકી જતી હોય તો તેના વિશે વિરોધ ન હોવો જોઈએ.

સરળતા અને સાદગીની દૃષ્ટિએ ખીચડીનું આધ્યાત્મિક સ્તર ઊંચું ગણાય. ખીચડી પકવવાની પ્રક્રિયા આ સ્તર અનુસારની હોય તેવી અપેક્ષા રાખી શકાય. સામૂહિક હિત, સામાજિક ન્યાય, પરસ્પર સહકાર અને સહયોગની ભાવના, ન્યૂનતમ જરૂરિયાતની પૂર્તિમાં સમાનતા, અન્ય માટે કાળજી અને સહાનુભૂતિ, વ્યાપક સમાવેશી ભાવના તથા સૃષ્ટિના સંતુલનના 'સિદ્ધાંત' આધારિત ખીચડી પકવવાની પ્રક્રિયા ઈચ્છનીય ગણાય.

જ્યારે સ્વાર્થી, સ્વકેન્દ્રિત, લોભી, એકલવાયી, સંવેદનહીન કે આસુરી સંપત્તિ ધરાવતી વ્યક્તિ ખીચડી પકવે ત્યારે તેમાં આ બધી બાબતો ન હોય. એક અન્ય રૂપક તરીકે એમ કહી શકાય કે ખીચડી પકવવી એ એક આંતરિક પ્રક્રિયા છે. અહીં વિચારો, માનસિકતા,

**પોતાની ખીચડી પકવવી એટલે માત્ર પોતાના સ્વાર્થ માટે કાર્ય કરવું, માત્ર પોતાનું હિત જોવું, પોતાને કેન્દ્રમાં રાખીને જ વ્યવહાર કરવો, પોતાનું ઇચ્છિત પ્રાપ્ત કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું**

ઈચ્છા વગેરેને એકત્રિત કરી, હેતુ અથવા લક્ષ્યના પાત્રમાં, અહંકારના અગ્નિ પર તપાવવામાં આવે છે. અંતે જે પરિસ્થિતિ પ્રાપ્ત થાય તે શરીર અને મન એમ બંનેની તૃપ્તિનું કારણ બની શકે. પરંતુ આ બધી વાતો તત્ત્વજ્ઞાનની છે. વાસ્તવમાં તો આ પ્રકારના તત્ત્વજ્ઞાનમાં સંમિલિત થયા વિના વ્યક્તિ પોતાની ખીચડી જ પકવતી હોય છે.

'દરેક વ્યક્તિ પોતાની ખીચડી પકવે' - જે સમયે આ કહેવત બની હશે તે સમયે ખીચડીનું એક ચોક્કસ મહત્ત્વ હશે. હવે જમાનો પિઝાનો છે. ખીચડી સનાતન સંસ્કૃતિની ઘટના છે, જ્યારે પિઝા એ વિદેશી 'આક્રમણ' છે. ખીચડી એ સરળતા, એકતા, સાદગી અને દરેક વ્યક્તિની પહોંચની બાબત છે. પિઝા માટે એમ ન કહી શકાય.

ખીચડીમાં ઉમેરણ તરીકે ઘી અને છાશનો ઉપયોગ થતો હોય છે. આ બંને ઘટકો પણ નિર્દોષ, સાત્ત્વિક અને પૌષ્ટિક છે. પિઝામાં ચીઝ, સોસ, ટોપિંગ જેવી બાબતો રહે છે, જેમાં સ્વાદનું મહત્ત્વ વધુ હોય. દેખાવમાં પણ ખીચડી શાંત જણાય, જ્યારે પિઝામાં ઘોંઘાટની અનુભૂતિ થાય. આરોગ્ય માટે ખીચડી આવશ્યક છે. તે બધાં ખાઈ શકે અને બધાંને પચી પણ શકે. તે બધાંને પોસાય પણ ખરી. ખીચડીની કોઈપણ આરોગ્યલક્ષી આડઅસર ન હોય. પિઝા માટે આ બધી બાબતો આનાથી વિપરીત હોય.

ખીચડી સંતોષ આપે, જ્યારે પિઝા સ્વાદેન્દ્રિયનું સુખ આપે. ખીચડી એ સંસ્કાર છે, જ્યારે પિઝા એ અનુસરણ છે. ખીચડી જમીન સાથે જોડાયેલી ઘટના છે, જ્યારે પિઝાને બાહ્ય-અવકાશી ઘટના પણ કહી શકાય. ખીચડીને સમાનતાનું પ્રતીક કહી શકાય, જ્યારે પિઝા એ વિશેષ બાબત છે. સાંપ્રત સમયમાં બંનેની આવશ્યકતા છે, બંને જરૂરી છે. એક સમયે પોતાની ખીચડી પકવનાર સમાજ આજે પોતાનો પિઝા તૈયાર કરે છે. નવી ઈચ્છા, નવો રસ, નવા પદાર્થ, વૈશ્વિક પ્રવાહ સાથેનું જોડાણ તથા બાહ્ય આકર્ષણ માટેનો લગાવ સાંપ્રત સમયે હોય તે સ્વાભાવિક છે. તેની સ્વીકૃતિ હોવી જોઈએ.

પ્રશ્ન અહીં પિઝા કે ખીચડીનો નથી, પ્રશ્ન અહીં વ્યક્તિ 'પોતાની જ ખીચડી પકાવે છે' કે 'પોતાનો જ પિઝા તૈયાર કરે છે' તેનો છે. સમરસતા ધરાવતી અનુભૂતિના પ્રતીક સમાન ખીચડી હોય કે વિવિધ રસના સમાવેશવાળા ઈન્દ્રિય અનુભવના પ્રતીક સમાન પિઝા હોય, આજનો માનવી મહદ્અંશે પોતાના માટે જ રાંધે છે. પ્રશ્ન ત્યાં શરૂ થાય છે.

અન્ય માટે રંધાઈ જાય એ એક વાત છે અને અન્ય માટે ઈરાદાપૂર્વક, સભાનતાપૂર્વક પ્રયત્ન કરી રાંધવું એ બીજી વાત છે. પોતાના ભાગમાંથી કોઈકને આપવું એ એક વાત છે અને વપરાશ પછી વધેલો ભાગ બીજાને આપવો એ બીજી વાત છે.

સમાજના બંધારણનો મુખ્ય આધાર જ પરસ્પરના સહયોગ અને સહકાર પર છે. જ્યારે વ્યક્તિ માત્ર 'પોતાનો પિઝા પકવે' ત્યારે આ સહકાર અને સહયોગના આત્માને આઘાત પહોંચે. એક સમયે માત્ર પોતાના પિઝાની ચિંતા કરવાનો અભિગમ સમાજની મૂળ અને સૌથી મહત્વની વિભાવનાને જ મોટી હાનિ પહોંચાડશે.